ક્રમાંક:મઉમશબ/મા.&ઉ.મા.પરીક્ષા/મા.પ્ર-૨૦૨૧/H/329

| સમયમર્યાદા |
| --- |
| ખૂબ અગત્યનું |

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૦૫/૦૬/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય :- બોર્ડની જાહેર પરીક્ષા-૨૦૨૧ના બદલે નિયમિત વિદ્યાર્થીઓને પાસ જાહેર કરવાની જોગવાઈ અનુસાર પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ આધારોનું વેરીફિકેશન કરવા બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૧/૫૭૫/છ
(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/મા.પ્ર-૨૦૨૧/૧૦૮૯ તા.૦૩/૦૬/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજયમાં કોરોના સંક્રમણના કેસો વધવાને કારણે રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૦, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા જે તા.૧૦/૦૫/૨૦૨૧ થી તા.૨૫/૦૫/૨૦૨૧ દરમિયાન યોજાનાર હતી. તા.૧૫/૦૪/૨૦૨૧ ના રોજ COVID-19 ના સંક્રમણને ધ્યાને લેતાં પરીક્ષાઓ સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

રાજય સરકાર દ્વારા તા.૧૩/૦૪/૨૦૨૧ ના રોજ ધોરણ-૧૦ ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાનો નિર્ણય કરેલ હતો અને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવા માટેની નીતિ માટે સમિતિની રચના કરેલ હતી. ઉક્ત સમિતિએ રાજય સરકારને અહેવાલ રજૂ કરેલ હતો. જે અહેવાલની ભલામણોનો રાજય સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે.

સંદર્ભદર્શિત પત્ર-૨ થી ધોરણ-૧૦ ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા માટે વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ છે. તા.૦૫/૦૬/૨૦૨૧ ના રોજ બાયસેગના માધ્યમથી તમામ શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વહીવટ સ્ટાફને પરિણામ તૈયાર કરવાની સમજ આપવામાં આવેલ છે. પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાનાર તમામ આધારોનું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પ્રતિનિધિ મારફતે વેરીફિકેશન કરવા અંગે પરિપત્રમાં અને

બાયસેગના માધ્યમથી મૌખિક જાણકારી આપવામાં આવેલ હતી. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ યોગ્ય ટીમોની રચના કરીને નીચે દર્શાવેલ આધારોની ચકાસણી કરવા જણાવવામાં આવે છે.

<u>ચકાસણી માટેના આધારો :-</u>

(૧) શાળા દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની જાહેર પરીક્ષામાં મોકલાવેલ ઉમેદવારોના પ્રવેશ, જે શાળામાંથી ધોરણ-૯ / ધોરણ-૧૦ કે ધોરણ-૧૧ માંથી રજૂ કરેલ શાળા છોડ્યાના પ્રમાણપત્ર, જનરલ રજીસ્ટર નોંધ ચકાસીને પ્રવેશની યોગ્યતા ચકાસવાની રહેશે.

(૨) શાળા દ્વારા ધોરણ-૧૦ ની બોર્ડની જાહેર પરીક્ષામાં મોકલાવેલ ઉમેદવારોના ધોરણ-૯ ના પરિણામની નકલ અને ધોરણ-૧૦ ની સામાયિક કસોટી અને એકમ કસોટીના આધારોનું વેરીફિકેશન.

(૩) શાળા દ્વારા ધોરણ-૧૨ ની બોર્ડની જાહેર પરીક્ષામાં મોકલાવેલ ઉમેદવારોના ધોરણ-૧૦ ના બોર્ડના પરિણામ, ધોરણ-૧૧ ના પરિણામની નકલ અને ધોરણ-૧૨ ની સામાયિક કસોટી અને એકમ કસોટીના આધારોનું વેરીફિકેશન.

ઉપરોક્ત પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ તમામ આધારો જેવા કે સામાયિક કસોટીના પ્રશ્નપત્રો, એકમ કસોટીના પ્રશ્નપત્રો, વિદ્યાર્થી આપેલા ઉત્તરોની નોંધ અથવા ઉત્તરવહી, એસાઈમેન્ટ વર્ક વગેરેની ચકાસણી કરવાની રહેશે.

આમ, વેરીફિકેશન કરેલ તમામ આધારો ઉપર વેરીફિકેશન કરનાર પ્રતિનિધિના સહી, નામ, હોદ્દો અને તારીખ દર્શાવવાની રહેશે. શાળા પાસેથી આ તમામ આધારોની એક નકલ પ્રતિનિધિએ મેળવી લેવાની રહેશે. ઉક્ત કામગીરી તા.૧૦/૦૬/૨૦૨૧ ને ગુરૂવાર સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

માધ્ય/૨૦૨૧/7346
તા. ૭/6/'૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓ તરફ.
જાણ તથા અમલ સારુ...



આધારો તૈયાર રાખવા
જરૂરી

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.